# મહિન્દ્રા લોજિ.ના IPO દ્વારા કેદાર કેપિટલ હિસ્સો વેચશે

**સનમ મીરચંદાની**
**મુંબઈ**

. પ્રાઈવેટ ઈક્વિટી કંપની કેદાર કેપિટલ મહિન્દ્રા લોજિસ્ટિક્સમાં રહેલા તેના હિસ્સાને IPO દ્વારા વેચવા માટે સક્રિય હોવાનું બે પરિચિત લોકોએ જણાવ્યું હતું. મહિન્દ્રા ગ્રૂપ પણ તેની પેટાકંપનીના IPOમાં અમુક હિસ્સો વેચશે. ઓક્ટોબર સુધીમાં આવનારો આ IPO ₹૬૦૦થી ₹૭૦૦ કરોડનો હશે અને એક્સિસ કેપિટલ તથા કોટક ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ દ્વારા તેનું સંચાલન થશે એમ આ બંને વ્યક્તિએ જણાવ્યું હતું.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ ગયા સપ્તાહે શેરબજારોને એક નોટિસમાં જણાવ્યું હતું કે, તેના બોર્ડે પેટાકંપની મહિન્દ્રા લોજિસ્ટિક્સમાંનો આંશિક હિસ્સો સૂચિત IPO દ્વારા વેચવા માટે મંજૂરી આપી દીધી છે. કેદાર કેપિટલે એપ્રિલ ૨૦૧૪માં ₹૨૦૦ કરોડના રોકાણ સાથે મહિન્દ્રા લોજિસ્ટિક્સનો ૨૩ ટકા હિસ્સો ખરીદ્યો હતો. નવી મૂડીની જરૂર છે કે નહીં તેના માટે મહિન્દ્રા લોજિસ્ટિક્સે તેની બિઝનેસ યોજનાનો અંતિમ નિર્ણય

પ્રવક્તાએ ઈ-મેઈલ પર પાઠવેલા જવાબમાં જણાવ્યું હતું કે, મહિન્દ્રા ગ્રૂપની વિવિધ કંપનીઓ સમયસર શેરબજારોમાંથી ભંડોળ મેળવવાના વિકલ્પો ચકાસતી રહે છે અને મહિન્દ્રા લોજિસ્ટિક્સનો સૂચિત IPO પણ આવો જ એક વિકલ્પ છે. આવા કોઈ પણ IPOના સમયની અને અન્ય બાબતોની માહિતી યોગ્ય સમયે જાહેર કરવામાં આવશે અને હાલના તબક્કે તેના અંગે ટિપ્પણી કરી શકાય નહીં."

કેદાર કેપિટલ, એક્સિસ કેપિટલ અને કોટક ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ તરફથી અમને કોઈ જવાબ મળ્યો નહોતો. મહિન્દ્રા ગ્રૂપની પ્રાઈવેટ ઈક્વિટી કંપની મહિન્દ્રા પાર્ટનર્સ દ્વારા પ્રમોટ કરવામાં આવેલી મહિન્દ્રા લોજિસ્ટિક્સ એક થર્ડ પાર્ટી સપ્લાય ચેઈન અને પીપલ ટ્રાન્સપોર્ટ સોલ્યુશન પ્રોવાઈડર છે. ભારતના તથા વિદેશના ગ્રાહકોને લોજિસ્ટિક્સ સર્વિસિસ આપવાના હેતુસર સ્ટ્રેટેજિક પહેલ તરીકે આ કંપનીની સ્થાપના કરવામાં આવી હતી. આ કંપની મહિન્દ્રા ગ્રૂપની સપ્લાય ચેઈનની જરૂરિયાત, ઈન્ટર-પ્લાન્ટ મૂવમેન્ટ, વેરહાઉસિંગ, લાઈનફીડ, ફ્રેઈટ